

ભોળા શંભુને રીઝવવાનો પાવન માસ શ્રાવણ હવે પૂર્ણતા તરફ જઈ રહ્યો છે. વહેલી સવારે શિવાલયોમાં ભારે ભીડ જોવા મળે છે. એમાંય જો શ્રાવણ માસનો સોમવાર હોય તો આખો દિવસ મંદિરોમાં ભાવિકોની અવરજવર રહે છે. આખો દિવસ વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાય છે. શ્રાવણ માસના પાવન માસમાં શિવાલયોને વિશેષ શણગારથી સજાવવામાં આવ્યા છે.

# સે-૨૮ના બંધ મકાનમાં આગ ભભુકી ઉઠી : ફાયર ટીમે વૃધ્ધાને બચાવ્યા

**શોર્ટ સર્કિટને લાગેલી આગમાં ઘરવખરી બળીને ખાક : ઓછુ સાંભળતા વૃધ્ધા અગાશીમાં બેસી ગયા, આગ વધુ પ્રસરે નહી તે અમારી પહેલી પ્રાથમિકતા હતી : ફાયર ઓફિસર કે.જે.ગઢવી**

ગાંધીનગર, તા.૧૬

પાટનગરના સેકટર-૨૮ કોલવડાનગરની પાસે બંધ મકાનમાં અચાનક આજે બપોરના સુમારે આગ ભભુકી ઉઠી હતી. મકાનમાં શોર્ટ સર્કિટને પગલે લાગેલી આગે વિકરાળ સ્વરુપ ધારણ કરતા ઘરવખરીનો સામાન બળીને ખાક થઈ ગયો હતો. જયારે મકાનમાં પ્રથમ માળે પરિવાર સાથે ભાડે રહેતા વૃધ્ધા ફસાઈ ગયા હતા. આગની જવાળાથી બચીને વૃધ્ધા અગાશીમાં બેસી ગયા હતા. બનાવની જાણ પાડોશીએ ફાયર વિભાગને કરતા ફાયર ટીમના જવાનોએ પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવી લઈ રેસ્ક્યુ ઓપરેશન હાથ ધરીને ભારે જહેમત બાદ વૃધ્ધાને હેમખેમ બચાવી લેવાયા હતા. મળતી વિગત મુજબ શહેરના સેકટર-૨૮ કોલવડા નગરની બાજુમાં પ્લોટ નં.૪૬૯-૧ શૈલેષભાઈ પટેલનું મકાન આવેલુ છે. શૈલેષભાઈ પરિવાર સાથે અમેરીકા રહે છે.



હાલ પ્રથમ માળે રાજેશભાઈ મિસ્ત્રી પરિવાર સાથે ભાડે થી રહે છે. મકાનમાં ઉપરના માળે જવા માટે અંદરથી સીડી છે. તાજેતરમાં મકાન માલિકનો ભત્રીજો અમેરીકા થી ગાંધીનગર રહેવા માટે આવ્યો છે, પરંતુ તે હાલ રાજસ્થાન ફરવા માટે ગયો છે. આજે બપોરના સમયે નીચે મકાનમાં અચાનક આગ ભભુકી ઉઠી હતી. જેથી રાજેશભાઈ અને તેમના પત્ની નીચે ઘરમાં આવીને જોયુ તો એસીમાંથી ધુમાડા નીકળતા હતા.જેથી રાજેશભાઈએ મેઈન સ્વીચ ઓફ કરી દીધી હતી.પરંતુ ગણતરીના સમયમાં આગની લપેટમાં આખુ ઘર આવી ગયું હતું. આગની જવાળાઓ અને ધુમાડાને પગલે કંઈ દેખાતુ ન હતું. જેથી રાજેશભાઈના સાસુ અને પુત્ર વધુ નીચે ઉતરી શક્યા ન હતા. આગને પગલે હોહા કરી મુકીને પુત્રવધુને જાણ કરી દેતા બાલ્કની પાસે આવી જતા બધા એકઠા થઈને નીચે ઉતારી દીધી હતી. જયારે તેમના સાસુ બીજી તરફની બાલ્કની પાસે ફસાઈ ગયા હતા. હોહા થવા છતા ઉમરને પગલે વૃધ્ધા સાંભળી શક્યા ન હતા. પરંતુ ઘરમાંથી આગના ધુમાડા ઉપરના માળે આવતા તેઓ બાલ્કની પાસે બેસી ગયા હતા. ત્યારે પાડોશી કુલદિપસિંહ રહેવરે ફાયર બ્રિગેડને બનાવ અંગે જાણ કરી હતી. જેથી ફાયર ઓફિસર કે.જે.ગઢવી સહિત જવાનો સેકટર-૨૮ ખાતે દોડી ગયા હતા. ફાયર જવાનોએ પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવી બાલ્કનીમાં ફસાઈ ગયેલા વૃધ્ધાને ભારે જહેમત બાદ હેમખેમ બચાવી લેવામાં આવ્યા હતા.જયારે આગને પગલે ઘરમાં રહેલી તમામ ઘરવખરીનો સામાન બળીને રાખ થઈ ગયો હતો. આ અંગે ફાયર ઓફિસર કે.જે.ગઢવીએ જણાવ્યું હતુ કે શોર્ટ સર્કિટને પગલે એસીમાં આગ લાગી હતી.

ગણતરીના સમયમાં આગની જવાળાઓએ ઘરને ઘેરી લીધુ હતું. પરંતુ અમારી પહેલી પ્રાથમિકતા આગને પ્રસરતા અટકાવી દેવાની હતી. જેથી ફાયર ટીમના જવાનોએ આગ પર પાણીનો મારો ચલાવી આગ કાબુમાં લઈ બાલ્કનીમાં રહેલા વૃધ્ધાને હેમખમે બચાવી લીધા હતા.

# પોલીસીના રૂપિયા નહીં ચુકવતાં મહિલા એજન્ટ મોબાઈલ લઈને નાસી ગઈ

**યુવકે ટાર્ગેટ પૂરો કરાવવા મિત્રતામાં વીમા પોલીસી લીધી : મોબાઈલ અને રોકડા રૂપિયા મળી કુલ ૧૬૫૦૦ યુવતિ લઈ ગઈ**

ગાંધીનગર, તા.૧૬

વાવોલ ખાતે રહેતા યુવકને વીમા કંપનીમાં નોકરી કરતી યુવતિ સાથે મિત્રતા મોંઘી પડી છે. વીમા કંપનીએ યુવતિને આપેલ ટાર્ગેટ પુરો કરવા માટે યુવકે વીમા પોલીસી લીધી હતી. જો કે યુવકે પ્રિમિયમની મોટાભાગની રકમ તબકકાવાર ચુકવી દીધી હતી. પરંતુ અમુક રકમ બાકી રહી હતી જેથી બાકી રકમની ઉઘરાણી કરવા માટે યુવતિ ઘરે આવી હતી. યુવકની પત્ની સાથે પૈસા માટે રકઝક કરી તેણીનો મોબાઈલ અને પૈસા ઝુંટવી યુવતિ કારમાં ફરાર થઈ ગઈ હતી. જેથી યુવકે સેકટર-૭ પોલીસ મથકે રૂ.૧૨ હજારનો મોબાઈલ અને રૂ.૪૫૦૦ ફલીપ કવરમાં હતા, તે મળી કુલ કુલ રૂ.૧૬૫૦૦ ની ફરીયાદ નોંધાવી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ વાવોલ ભાડે મકાનમાં પરિવાર સાથે રહેતા યુવકને મિત્રતા કેળવવી ભારે પડી છે. બે વર્ષ અગાઉ મિત્રની કાર રીપેરીંગ માટે સર્વિસ સેન્ટરમાં જતા હતા. તે સમયે ત્યાં ફરજ બજાવતી યુવતિ સામે ઓળખાણ થઈ હતી. ત્યારબાદ તે યુવતિ અન્ય મિત્રની ઓફિસ ખાતે પણ કામઅર્થે આવતી જતી હોવાથી બંન્ને વચ્ચે મિત્રતા થઈ હતી. જેથી બંન્નેએ મોબાઈલ નંબરની આપલે કરી હતી. દોઢ વર્ષ અગાઉ યુવતિએ ફોન કરીને યુવકે શો-રૂમની નોકરી છોડીને વીમા કંપનીમાં નોકરી શરુ કરી છે. જેમાં ગોલ્ડ લોન, મેડીકલ વીમા જેવી વિવિધ કામગીરી કરવાની રહે છે. ત્યારબાદ આઠ મહિના અગાઉ યુવતિએ યુવકને ફોન કરીને વીમા પોલીસીનો ટાર્ગેટ પુરો કરવા માટે ફેમિલીનો વીમો લેવા માટે કહ્યું હતું. જેથી યુવકે મિત્રતા નિભાવવા માટે વીમો લીધો હતો. તે સમયે યુવક પાસે પૈસા નહી હોવાથી યુવતિએ રૂ.૨૫,૯૫૧ ચુકવી દીધા હતા. ત્યારબાદ યુવકે તબક્કાવાર રૂ.૨૦ હજાર ચુકવી દીધા છે. માત્ર રૂ.૫ હજાર યુવકના બાકી રહ્યા હતા. ત્યારે રૂપીયાની ઉઘરાણી માટે યુવતિએ વારંવાર ફોન કરતા યુવકે ફોન બ્લોક કરી દીધો હતો. જેથી યુવતિ ઘરે ઉઘરાણી માટે આવી હતી અને યુવકની પત્ની સાથે રકઝક થઈ હતી. યુવક સાથે વાત થતા તેણે રાત્રીના ૮ વાગ્યા સુધી ઘરે આવીને પૈસા આપશે તેમ કહ્યું હતું. પરંતુ યુવતિએ ફોન કટ કરી દીધો હતો. યુવકે પત્નીને ફોન કરીને પોલીસને જાણ કરી દેવા અને યુવતિનો ફોટો પાડી વોટસએપ કરવાનું કહેતા સાંભળી ગયેલી યુવતિ મોબાઈલ ફોન ઝુંટવી નાસી ગઈ હતી. જયારે યુવતિએ યુવકની પત્નીનુ સીમકાર્ડ નીચે મકાન માલિકની દીકરીને આપી ગાડીમાં બેસી જતી રહી હતી. ત્યારે મોબાઈલના ફલીપ કવરમાં રૂ.૪૫૦૦ યુવકની પત્નીના હતા. તે પણ યુવતિ લઈ જતા રહેતા યુવકે સેકટર-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે.

# લાયન્સ ક્લબ ઓફ ફેમિનાએ શહેરમાં સૌપ્રથમ દિવ્યાંગ પસંદગી મેળો યોજ્યો

ગાંધીનગર શહેરમાં વિવિધ સંસ્થાઓ દ્વારા અનેક પ્રકારના સેવાકીય કાર્યો કરવામાં આવે છે. આ પૈકી લાયન્સ ક્લબ ઓફ ગાંધીનગર ફેમિના દ્વારા આજે એક સુંદર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ અંતર્ગત સંસ્થા દ્વારા શહેરમાં સૌ પ્રથમવાર સર્વ જ્ઞાતિય દિવ્યાંગ પસંદગી મેળાનું આયોજન કરાયું હતું. શહેરના ધ્રુવ પાર્ટી પ્લોટના બેન્કવેટ હોલ ખાતે યોજવામાં આવેલા આ કાર્યક્રમમાં અંદાજે ૨૫૦ જેટલા દિવ્યાંગ યુવક-યુવતીઓએ ભાગ લીધો હતો જેઓ ગાંધીનગર ઉપરાંત અન્ય દૂર દૂરના સ્થળોએથી પણ આવ્યાં હતા. આ કાર્યક્રમમાં ડિસ્ટ્રીક્ટ જીએટી ટીમના વિમેન મેમ્બરશિપના




મમતાબેન રાવલ તથા ઝોન ચેરમેન વૈશાલીબેનની ઉપસ્થિતિ રહી હતી. કાર્યક્રમને સફળ બનાવવા માટે લાયન્સ ક્લબ ઓફ ગાંધીનગર ફેમિનાના પ્રમુખ ડિમ્પલબેન દેસાઈ, સેક્રેટરી દક્ષાબેન જાદવ તેમજ કમિટીના સભ્યો-મેમ્બર્સે ભારે જહેમત ઉઠાવી હતી.

# જિલ્લા પંચાયત ખાતે સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી




ગાંધીનગર જિલ્લા પંચાયત ખાતે સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી કરાઈ હતી. આ પ્રસંગે યોજાયેલાં સાંસ્કૃતિક કાર્યક્રમમાં શહેરના સરગાસણ ખાતેની સરકારી પ્રાથમિક શાળાની ૨૦ વિદ્યાર્થીનીઓએ વિવિધ કૃતિઓ પ્રસ્તુત કરીને ઉપસ્થિત સૌના મન મોહી લીધાં હતાં.

# રાષ્ટ્રધ્વજને રસ્તે રઝળતાં થવાથી બચાવવા બે યુવાઓનું અભિયાન

**"આપ" પાર્ટીના બે યુવા નેતાઓએ અગાઉથી સાજા કે નુકસાન પામ્યાં હોય તેવા રાષ્ટ્રધ્વજ સ્વિકારવા જાહેરાત કરી હતી : એક દિવસમાં ૫૬ રાષ્ટ્રધ્વજ એકત્ર કર્યા**



ગાંધીનગર, તા.૧૬

દેશવાસીઓને તા.૧ ઉથી ૧૫મી ઓગસ્ટ દરમિયાન પોતપોતાના ઘરે, સોસાયટી કે કામના સ્થળે તિરંગો લહેરાવવા કરી અપીલ કરવામાં આવી હતી. નાગરિકોએ પોતાના ઘરો અને દુકાનો પર છેલ્લાં બે-ત્રણ દિવસથી તિરંગા શાનથી લહેરાવ્યાં હતાં. જોકે સ્વાતંત્ર્ય દિન બાદ રાષ્ટ્રધ્વજ રસ્તે રઝળતાં ના થાય અને તિરંગાનું માન-સન્માન જળવાય તે માટે ગાંધીનગરમાં આમ આદમી પાર્ટી બે યુવા નેતાઓ ડો.હાર્દિક તલાટી અને દિવ્યાંગ ત્રિવેદી દ્વારા નાગરિકો પાસેથી સ્વિકારીને એકત્ર કરવાનું અભિયાન છેડવામાં આવ્યું છે અને તે અંતર્ગત આજે સાંજ સુધીમાં આશરે ૫૬ રાષ્ટ્રધ્વજ એકત્ર કરાયાં હતાં.

રાષ્ટ્રીય પર્વ પુરુ થઈ ગયાં બાદ આ તિરંગાઓ રસ્તે રઝળતા જોવા મળે છે જેના કારણે રાષ્ટ્રધ્વજનું અપમાન થાય છે. ગાંધીનગરમાં આમ આદમી પાર્ટી બે યુવા નેતાઓ ડો.હાર્દિક તલાટી અને દિવ્યાંગ ત્રિવેદી દ્વારા ગત તા.૧૨મી ઓગસ્ટે સોશિયલ મિડીયા પર એક વિડીયો મેસેજ દ્વારા અપીલ કરવામાં આવી હતી કે "હર ઘર તિરંગા અભિયાન બાદ તા.૧૫મી ઓગસ્ટ પછી રાષ્ટ્રધ્વજનો નિકાલ કરવા તેને રસ્તે રઝળતો કરવાને બદલે અમને સોંપી દેશો જેથી અમે રાષ્ટ્રધ્વજનું માન-સન્માન જળવાય તે રીતે તેની યોગ્ય વ્યવસ્થા કરીશું." આ સાથે તેમણે તેમની અપીલમાં ફાટેલાં, મેલાં થઇ ગયેલાં કે અન્ય રીતે નુકસાન પામ્યાં હોય તેવા રાષ્ટ્ર ધ્વજ પણ સ્વિકારવામાં આવશે તેવી જાહેરાત કરી હતી. આ અપીલને અનુલક્ષીને આજે શહેરના નાગરિકો દ્વારા રાષ્ટ્ર ધ્વજ સોંપવા માટે બંને યુવાનોને અસંખ્ય નાગરિકોના કોલ મળ્યાં હતાં અને આ બંને યુવાનોએ મળીને સાંજ સુધીમાં આશરે ૫૬ રાષ્ટ્રધ્વજ એકત્ર કર્યા હતાં.



બ્રહ્માકુમારી સેવા કેન્દ્ર દ્વારા સ્વતંત્રતા દિન નિમિત્તે ધ્વજવંદન કરીને સે-૩માં રેલીનું આયોજન કર્યું હતું. જેમાં ૫૦ જેટલા ભાઈ-બહેનોએ ભાગ લીધો હતો.

# કુડાસણ ખાતે પતંજલિ યોગ સમિતિએ સ્વાતંત્ર્ય પર્વ ઉજવ્યું

આઝાદીના અમૃત મહોત્સવ નિમિત્તે સ્વતંત્રતા દિવસની ઉજવણીના ભાગરૂપે ગાંધીનગરની પતંજલિ યોગ સમિતિ, માનસ યોગ સેવા ટ્રસ્ટ, સામવેદ પરિવાર, અરબેનીયા ગ્રુપ અને પ્રમુખ ગ્રુપના સંયુક્ત ઉપક્રમે તા.૧૫મી ઓગસ્ટે તિરંગા રેલી તેમજ ધ્વજવંદન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમનો વૈદિક યજ્ઞથી પ્રારંભ કરાયાં બાદ તિરંગા રેલી યોજવામાં આવી હતી. આ પછી પતંજલિ



યોગ સમિતિ ગાંધીનગર જિલ્લાના અધ્યક્ષ યોગાચાર્ય ડો. કાનજીભાઈ બાવરી દ્વારા રાષ્ટ્ર ધ્વજ લહેરાવવામાં આવ્યો. કાર્યક્રમમાં પ્રમુખ ગ્રુપના મુકેશભાઈ ચૌધરી, સામવેદ પરિવારના જીગ્નેશભાઈ પટેલ, ભાજપના શહેર મંત્રી વાસુદેવભાઈ પટેલ, નેચર ફર્સ્ટ અભિયાનના પ્રણેતા એન.પી. પટેલ, આરએસએસના જીગ્નેશ ભાઈ જોશી ઉપસ્થિત રહ્યાં હતા.

## વરસાદી ઝાપટા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સેકટરોમાં વરસાદી મોસમમાં ઠેર ઠેર ઘાસ અને બિનજરૂરી વનસ્પિત ઉગી નિકળી છે. સેકટરોમાં ગંદકીના ઢગ વચ્ચે જીવાત અને મચ્છર ઉત્તપત્તિ સ્થાનો પણ વધી ગયા છે. સેકટરોમાં વધતા મચ્છરોના ઉપદ્રવના લીધે રહીશો માથે રોગચાળાનો ખતરો મંડરાયો છે. શહેરમાં આજે સવારે વરસાદના ભારે ઝાપટા બાદ ઝરમરિયો વરસાદ ચાલુ રહ્યો હતો આજે દિવસ દરમિયાન દોઢ ઈંચ વરસાદ વરસ્યો હતો. જયારે શહેરમાં અત્યાર સુધી સિઝનનો ૫૩૩ મી મી વરસાદ નોંધાયો છે. શહેરમાં નિખરતી વરસાદી મોસમ સાથે સેકટરોમાં પણ હરિયાળી છવાયેલી જોવા મળે છે. તો બીજીતરફ વરસાદી સમસ્યાઓના લીધે પણ સેકટરોમાં નજર નાંખો ત્યાં ગાય , ગારા અને ગંદકીની સમસ્યા વધુ પેચીદી બની છે. સેકટરોમાં સ્ટ્રીટ લાઈટો પણ ઘણાં ઠેકાણે ડુલ રહેતી હોવાથી રાત્રિના સમયે અંધારપટ્ટ છવાઈ જાય છે. શહેરમાં છેલ્લા કેટલાક સમયથી વરસાદી મોસમની જમાવટ જોવા મળી રહી છે. જેની સાથે વરસાદી સમસ્યાઓથી પ્રભાવિત સેકટરવાસીઓ પણ તોબા પોકારી ગયા છે. સેકટરોના કોમન પ્લોટ તેમજ આતંરિક માર્ગો પર વરસાદી પાણીનો નિકાલ થતો નથી જેના લીધે સેકટરવાસીઓ પર રોગચાળાનો ખતરો મંડરાયો છે. આ સ્થિતિને અનુલક્ષી સેકટરોમાં સફાઈ તેમજ દવા છંટકાવ માટે પણ ત્વરિત ઝુંબેશ હાથ ધરવામાં આવે તેવી પ્રબળ માંગ ઉઠવા પામી છે.

## કહેર યથાવત

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હોવાથી તંત્રએ હોમ આઈસોલેશનના નિયમોની અમલવારી અસરકારક રીતે થાય તેમજ જાહેર સ્થાનો પર સોશ્યલ ડિસ્ટન્સીંગ જળવાઈ રહે તે જોવા અને ટેસ્ટીંગના પ્રમાણમાં ગતિ લાવવા પર ખાસ સૂચનાઓ આપવામાં આવી છે.

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નવા ૧૧ કેસ નોંધાયા છે. આજે નોંધાયેલા કેસોમાં ૬ કેસ મહિલા દર્દી અને એક દર્દી ૬૦ થી વધુ વયના છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ગાંધીનગરમાં બે, કલોલમાં એક અને માણસામાં ૮ કેસ નોંધાયા છે. માણસામાં એક જ દિવસમાં ૮ કેસ સામે આવતાં તંત્રની ચિંતામાં વધારો થયો છે. માણસામાં સર્વેલન્સ સઘન કરવા સાથે ટેસ્ટીંગના પ્રમાણમાં વધારો કરવાની સૂચના આપવામાં આવી છે.

ગાંધીનગર તાલુકામાં ગિયોડ અને વાયુશક્તિનગરમાંથી કેસ મળી આવેલ છે.

કલોલમાં કલોલ શહેરના અર્બન-૧ વિસ્તારમાંથી એક ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

માણસા તાલુકામાં માણસા શહેરમાંથી પાંચ કેસ ઉપરાંત ધમેડા, ઈટાદરા અને અંબોડ ગામેથી કેસો મળી આવ્યા છે. માણસા શહેરમાં સંક્રમણ વધ્યુ છે તેથી તંત્રમાં ચિંતા વધી છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલ તમામ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. આજે નોંધાયેલા દર્દીઓ સાથે ગ્રામ્ય વિસ્તારમાં ૧૩૩ જેટલા દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. ગ્રામ્ય વિસ્તારમાં આજે ૭૨૦૦ થી વધુ લોકોને હોમ આઈસોલેટ કરવામાં આવ્યા છે.

## ડ્રગ્સ પકડાયું

● અનુસંધાન પહેલાનું ચાલુ

મળતી માહિતી પ્રમાણે ગુજરાત એટીએસની રેડમાં સ્થળ પરથી અંદાજિત રૂ. ૧૦૦૦ કરોડનું એમડી ડ્રગ્સ પકડી પાડવામાં આવ્યું છે. આ ડ્રગ્સની ચોક્કસ કિંમત કેટલી છે તે ફોરેન્સીક તપાસ બાદ જાણી શકાશે.

હાલ પોલીસ દ્વારા આ મામલામાં કયા મોટા માથા સંડોવાયેલા છે, ડ્રગ્સનો કાચો માલ ક્યાંથી આવતો હતો, તેને બનાવીને ક્યાં મોકલવામાં આવતો હતો, સહિતના મુદ્દે ઉંડાણપૂર્વક તપાસ હાથ ધરી છે. પ્રાથમિક સુત્રોના જણાવ્યા પ્રમાણે, કંપનીનું નામ નેકટર કેમ છે, તે સાંકરદા-ભાદરવા રોડ, મોક્સી ગામ, સાવલી ખાતે આવેલી છે.

## ચિરવિદાય

**● મુક્તિધામ ●**

- **સ્વ.કબીરા રાજુભાઈ કાન્તીભાઈ** ઉ.વ.૪૨, સેકટર-૧૩ છાપરા
- **સ્વ.બિહોલા સોનાબેન બળદેવજી** ઉ.વ.૮૫, પાલજ
- **સ્વ.સલાટ રણજીતભાઈ ચંદુભાઈ** ઉ.વ.૩૫, ઈન્દિરાનગર, સે-૨૪
- **સ્વ.ઠાકોર શકરીબેન અંબાલાલ** ઉ.વ.૬૬, કોલવડા
- **સ્વ.મોચી જલીબેન નેમચંદભાઈ** ઉ.વ.૬૨, પેથાપુર
- **સ્વ.બ્રહ્મભટ્ટ નલિનાબેન મહેન્દ્રકુમાર** ઉ.વ.૪૮, નાદરી, માણસા
- **સ્વ.પ્રજાપતિ સવિતાબેન બાબુભાઈ** ઉ.વ.૪૯, ખોરજડાભી, કલોલ

**● રૂદ્રભુમિ ●**

- **સ્વ.પટેલ ચંદ્રકાંતભાઈ નારણભાઈ** ઉ.વ.૭૯, પોર
- **સ્વ.દુધાણી કૃણાલભાઈ શશીકાન્ત** ઉ.વ.૨૯, સેકટર-૪
- **સ્વ.શાહ હંસા ઈન્દ્રવદન** ઉ.વ.૮૭, અડાલજ, ત્રિમંદીર
- **સ્વ.જાદવ રણછોડભાઈ સોમાભાઈ** ઉ.વ.૬૮, શાહીબાગ, અમદા.